# દેશના ૬૨૭ કાળા કુબેરોના નામ સુપ્રીમને સોંપાયા

નવી દિલ્હી,તા. ૨૯

બ્લેકમનીના મામલે પીછેહટનો સામનો કરવામાં આવ્યાના એક દિવસ બાદ આજે આદેશ મુજબ જ નરેન્દ્ર મોદી સરકારે સ્વીસ બેંકમાં ખાતા ધરાવનાર ૬૨૭ ભારતીય લોકોની યાદી સીલ કવરમાં સુપ્રીમ કોર્ટને સોંપી દીધી હતી. નામની યાદીની સાથે સાથે તેમની સામે હજુ સુધી થયેલી તપાસને લઇને સ્ટેટસ અહેવાલ પણ સુપ્રત કરવામાં આવ્યો હતો. સુત્રોએ કહ્યું છે કે યાદીમાં એચએસબીસી બેંકની જીનેવા શાખામાં ખાતા ધરાવનાર ભારતીય લોકોના નામ સામેલ છે. આ એવા લોકો છે જે અંગે ભારત સરકારને ફ્રાન્સની સરકાર તરફથી માહિતી મળી હતી. ચીફ જસ્ટિસ એચએલ દત્તુના નેતૃત્વમાં બેંચને કેન્દ્ર સરકાર તરફથી સુપ્રત કરવામાં આવેલી યાદીના સીલ કવરને ખોલવાનો નિર્ણય કરાયો નથી. સુપ્રીમે કહ્યું હતું કે, આ સીલ કવરને માત્ર ખાસ તપાસ ટીમ એસઆઈટીના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ જ ખોલશે. સુપ્રીમ કોર્ટે એવો આદેશ કર્યો છે કે, એસઆઈટી નવેમ્બરના અંત સુધી



સ્ટેટસ રિપોર્ટ આપે અને ૩૧મી માર્ચ ૨૦૧૫ સુધી તમામ ખાતાઓમાં તપાસ પુરી કરી લેવામાં આવે તે જરૂરી છે. સીલ કવરમાં ત્રણ દસ્તાવેજ છે જેમાં ફ્રાંસ સરકાર સાથે થયેલી પત્રોની આપલે, નામની યાદી અને સ્ટેટસ રિપોર્ટનો સમાવેશ થાય છે. બેંચ સમક્ષ દસ્તાવેજો રજૂ કરતા એટર્ની જનરલ મુકુલ રોહતાગીએ કહ્યું હતું કે, ખાતા ધારકો અંગેની માહિતી ૨૦૦૬ સુધીની છે. મુકુલ રોહતાગીએ જોરદાર રજૂઆતો કરી હતી. કોર્ટે તમામ પક્ષોની દલીલો સાંભળી હતી. મામલાની ગુપ્તતાને જાળવી રાખવામાં આવશે. નેતાઓના નામ યાદીમાં છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, આ અંગે તેઓ કોઈ માહિતી ધરાવતા નથી. મોટાભાગના પ્રવાસી ભારતીયોના નામ આમા સામેલ છે. આ અગાઉ સરકારે સોમવારના દિવસે કોર્ટને ત્રણ નામ આપ્યા હતા. ગઈકાલે સુપ્રીમ કોર્ટની ફટકાર પડ્યા બાદ આજે કેન્દ્ર સરકારે વિદેશી બેંક ખાતા ધારકોની યાદી સોંપવામાં આવી હતી. કેન્દ્ર તરફથી નાણાંપ્રધાન અરૂણ જેટલીએ કહ્યું હતું કે તમામ ખાતા ધારકોના નામ ૨૭મી જુનના દિવસે જ એસઆઈટીને આપી દેવામાં આવ્યા હતા. સરકારે આજે કોર્ટને ત્રણ સીલ કવરમાં નામ સોંપ્યા હતા. આ પૈકી પ્રથમ કવરમાં બીજા દેશો સાથે થયેલી સમજુતીની વિગત છે. બીજા કવરમાં વિદેશી ખાતા ધારકોના નામનો ઉલ્લેખ છે અને ત્રીજામાં તપાસના સ્ટેટસ અહેવાલ છે. સરકારે એમ પણ કહ્યુ છે કે આમાં વર્ષ ૨૦૦૬ સુધી એન્ટ્રી રહેલી છે. આનુ કારણ છે કે સ્વીસ અધિકારીઓએ આ અંગે માહિતી આપવાનો ઈન્કાર કરતા કહ્યું છે કે આ આંકડા ચોરીની માહિતીના આધારે હાંસલ કરવામાં આવ્યા છે. એચએસબીસીમાંથી આ યાદી તેના કોઈ પૂર્વ કર્મચારી દ્વારા વર્ષ ૨૦૦૬મા ચોરી લેવામાં આવી હતી અને ભારતને આ યાદી ફ્રાન્સ પાસેથી વર્ષ ૨૦૧૧માં મળી હતી. આ યાદીમાં ચાર પ્રકારની માહિતી છે જેમાં નામ, સરનામા, એકાઉન્ટ નંબર અને ખાતામાં જમા રકમનો સમાવેશ થાય છે. ખાતાધારકોની ાયાદીમાં સૌથી વદારે રકમ વાળા ખાતામાં ૧.૮ કરોડ ડોલર છે. જે દેશના બે ટોચના ઉદ્યોગપતિઓના નામથી છે. આ યાદીમાં સૌથી વધારે નામ મહેતા અને પટેલના સરનામા સાથેના છે.

**કેન્દ્ર નિષ્ફળ જશે તો તીવ્ર આંદોલન કરાશે**

## કાળા નાણા મુદ્દે આંદોલનની અણ્ણા હઝારેની ફરી ચિમકી

રાડેગામસિદ્ધિ,તા. ૨૯

વિદેશી બેંકોમાં ખાતા ધરાવનાર લોકોની યાદી સુપ્રીમ કોર્ટને કેન્દ્ર સરકાર દ્વારા સુપ્રત કરવામાં આવ્યા બાદ જાણિતા ભ્રષ્ટાચાર વિરોધી ચળવળના નેતા અને સામાજિક કાર્યકર અણ્ણા અઝારેએ આજે ભાજપના નેતૃત્વમાં એનડીએ સરકારના ઈરાદા સામે ફરી શંકા ઉઠાવી હતી. વિદેશી બેંકોમાં પડેલા કાળા નાણાને પરત લાવવાના ભાજપ સરકારના ઈરાદા સામે અણ્ણાએ પ્રશ્નો ઉઠાવ્યા હતા. કેન્દ્ર સરકારે સ્વિસ બેંકોમાં ખાતા ધરાવનાર ૬૨૭ લોકોની યાદી સુપ્રત કર્યા બાદ અણ્ણાએ કહ્યું હતું કે, વડાપ્રધાન મોદી અને તેમની પાર્ટીએ સત્તામાં આવ્યાના ૧૦૦ દિવસમાં કાળા નાણાને પરત લાવવાની ખાતરી લોકોને આપી હતી પરંતુ ૧૫૦થી



વધુ દિવસ થઈ ગયા છે. હજુ સુધી કોઈ નક્કર પરિણામો આવ્યા નથી. ગાંધીવાદી નેતાએ કહ્યું હતું કે, હજુ સુધી માત્ર આઠ નામનો પર્દાફાશ થયો છે. દેશના લોકો આશાવાદી છે. અણ્ણાએ કહ્યું હતું કે, જો કેન્દ્ર સરકાર કાળા નાણાને પરત લાવવા નિષ્ફળ જશે તો દેશના લોકો આક્રમક ચળવળ હાથ ધરશે. સામાજિક કાર્યકર તરફથી આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે સુપ્રીમ કોર્ટમાં ૬૨૭ લોકોની યાદી રજૂ કરવામાં આવી ચુકી છે. અણ્ણાએ એમ પણ કહ્યું હતું કે, દેશના લોકો ઉત્સુકતાપૂર્વક પરિણામની રાહ જોઈ રહ્યા છે. આ દેશમાં પગલા લેવામાં આવે તે જરૂરી છે. ચૂંટણી પ્રચાર દરમિયાન નરેન્દ્ર મોદી અને ભાજપના અન્ય નેતાઓએ કાળા નાણાનો મુદો ઉઠાવ્યો હતો અને કાળા નાણાને પરત લાવવાની ખાતરી પણ આપી હતી.

## લોંચિગની સાથે જ નાસાના રોકેટમાં પ્રચંડ બ્લાસ્ટ થયો

ફલોરીડા,તા. ૨૯


આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશન તરફ જઈ રહેલા નાસાના એક માનવરહિત કોમર્શિયલ રોકેટમાં ઉડાણ ભર્યાના મિનીટો બાદ જ બ્લાસ્ટ થયો હતો. જેના કારણે ચારેયબાજુ આગની જ્વાળા ફેલાઈ ગઈ હતી. ઉડાણ ભર્યાના છ સેકન્ડ બાદ જ પ્રચંડ બ્લાસ્ટ થયો હતો. જેથી રોકેટ કાટમાળમાં ફેરવાઈ જતાં તંત્રની ચિંતા વધી ગઈ હતી. લોન્ચિંગવેળા નાસાના રોકેટમાં બ્લાસ્ટના સમાચાર આગની જેમ ફેલાયા હતા કાટમાળ લોન્ચ સ્થળ વર્જીનીયાની નજીક પડ્યો હતો. આ બનાવમાં કોઈને ઈજા થઈ નથી પરંતુ નાસાના કોમર્શિયલ સ્પેસ ફલાઈટના પ્રયાસોને મોટો ફટકો પડ્યો છે. નાસાના પ્રવક્તા નેવિસે કહ્યું છે કે, આ ઘટનામાં કોઈપણ નુકશાન થયું નથી. સ્પેસ સ્ટેશનમાં રહેતા છ લોકોને આની વહેલી તકે જરૂર હતી. ઓર્બિટલ સાયન્સ કોર્પોરેશનનું આ રોકેટ ૧૪ માળનું હતું. આ રોકેટ આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશનમાં રહેલા અંતરીક્ષ યાત્રીઓ માટે ૨૨૦૦ કિલોગ્રામ સામગ્રી લઈ જઈ રહ્યું હતું. સ્પેશ સ્ટેશનમાં ડિલીવરી માટે નાસા ઓર્બિટલ અને સ્પેશ એક્સ નામની કંપનીને કરોડો ડોલર આપી રહી છે.સાથે-સાથે ૨૦૧૭ સુધી અમેરિકી અંતરીક્ષ યાત્રીઓની ઓર્બિટીંગ લેબ સુધી પહોંચવા નાસા સ્પેશ એક્સ અને બોઈંગ પર આધારીત છે. ઓર્બીટલના આ રોકેટમાં ઉડાણ ભર્યાના છ સેકન્ડમાં બ્લાસ્ટ થયો હતો. કંપનીનું કહેવું છે કે, સાઈટ પર ઉપસ્થિત રહેલા લોકો આના માટે જવાબદાર છે. આ રોકેટને સોમવારના દિવસે લોન્ચ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર હતી પરંતુ કેટલાક કારણોસર આ પ્રયાસો હાથ ધરી શકાયા નહતા. નાસાએ કહ્યું છે કે, અંતરીક્ષ સ્ટેશનો પર રહેલા વૈજ્ઞાનિકોને હાલ કોઈ જ ખતરો નથી.

**ઉદ્યોગો સામે પગલા ન લેવા બદલ સુપ્રીમ ખફા**

## ક્લિન ગંગા : કેન્દ્ર-પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની તીવ્ર ટીકા

નવી દિલ્હી,તા. ૨૯

ગંગા નદીની વર્તમાન સ્થિતિને ધ્યાનમાં લઈને સુપ્રીમ કોર્ટે આજે ડિફોલ્ટરો સામે યોગ્ય પગલા લેવામાં નિષ્ફળતા બદલ કેન્દ્ર સરકાર અને રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની જોરદાર ઝાટકણી કાઢી હતી. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારની પણ ઝાટકણી કાઢી હતી. પવિત્ર ગંગા નદીના કિનારે સક્રિય ઉદ્યોગોની પ્રદૂષણની પ્રવૃત્તિ ઉપર બ્રેક મુકવામાં આવી રહી નથી. પ્રદૂષણ ફેલાવતા ઔદ્યોગિક એકમો સામે કઠોર પગલા લેવા અને નિરીક્ષણ કરવા નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલને સુપ્રીમે આદેશ કર્યો હતો. અગાઉ સરકારે એવા ઉદ્યોગોને કડક ચેતવણી આપી હતી જે ગંગા નદી અને તેની સહાયક નદીઓના કિનારા ઉપર પ્રદૂષણ સાથે સંબંધિત ધારધોરણોનો ખુલ્લો ભંગ કરી રહ્યા છે. દરમિયાન પર્યાવરણ પ્રધાન



પ્રકાશ જાવડેકરે આવા ૭૬૪ પ્રદૂષણ ફેલાવતા ઉદ્યોગોની યાદી તૈયાર કરી લીધી છે જેમને સેન્સર સ્થાપિત કરવા માટે નોટિસ જારી કરવામાં આવી છે. આગામી વર્ષે ૩૧મી માર્ચ સુધી પ્રદૂષણ સાથે સંબંધિત સેન્સર્સ સ્થાપિત કરવા માટે આ લોકોને કહેવામાં આવ્યું છે. ગંગા નદીને સ્વચ્છ કરવાની બાબત નરેન્દ્ર મોદી સરકારના એજન્ડામાં સૌથી ઉપર છે. ગંગા નદીને સ્વચ્છ કરવા માટે કેટલીક પગલા યોજના જાહેર કરવામાં આવી ચુકી છે જેમાં ગામો અને શહેરોમાં ટોયલેટ સ્થાપિત કરવાની બાબતનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ઔદ્યોગિક એકમો ઉપર નજર રાખવા તથા સ્મશાન ગૃહો સ્થાપિત કરવાની બાબતનો સમાવેશ થાય છે. ક્લીન ગંગા મિશન હેઠળ જુદા જુદા પ્રોજેક્ટો હાથ ધરવામાં આવી ચુક્યા છે. આ મિશન ઉપર કામગીરી ચાલી રહી છે. આવનાર દિવસોમાં વધુ પગલા લેવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. ઔદ્યોગિક એકમો સામે કઠોર પગલાની તલવાર પણ તોળાઈ રહી છે.

# ૧૫૦૦થી વધુ ત્રાસવાદી દેશમાં ઘુસણખોરી કરવા માટે તૈયાર

નવી દિલ્હી,તા. ૨૯


જમ્મુ કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી દરમિયાન મોટા પાયે આતંક મચાવવા માટેની ત્રાસવાદીઓની યોજના છે. પ્રાપ્ત અહેવાલ મુજબ અંકુશ રેખા નજીક પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાંથી ઓછામાં ઓછા ૧૫૦૦ ત્રાસવાદી ભારતમાં ઘુસણખોરી કરવા માટે તૈયાર છે. જેનો મુખ્ય હેતુ રાજયમાં ચૂંટણી દરમિયાન અંધાધુંધી ફેલાવવાનો છે. અધિકારીઓ તરફથી ગુપ્ત માહિતી મળ્યા બાદ સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. અંકુશ રેખા પર પહેલા કરતા વધારે તકેદારી રાખવામાં આવી રહી છે. કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી યોજવા માટેની જાહેરાત કરવામાં આવ્યા બાદથી પાકિસ્તાનની ઉંઘ હરામ થઇ ગઇ છે. આ જ કારણસર પહેલાથી ૨૦ જેટલા ત્રાસવાદીઓને પાકિસ્તાન કવરિંગ ફાયરિંગની નિતીને અપનાવીને દેશમાં ઘુસાડવામાં સફળ રહ્યું છે. હવે બીજા સેંકડો ત્રાસવાદીઓને પણ તે આ રીતે કાશ્મીરમાં ઘુસાડી દેવાની યોજના ધરાવે છે. કુપવાડાના હેન્ડવારા વિસ્તારમાં અથડામણ થઇ છે. અધિકારીઓએ કહ્યું છે કે જમ્મુ કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી યોજવાની જાહેરાત કરવામાં આવ્યા બાદ સરહદ પારથી ત્રાસવાદીઓની ઘુસણખોરીની પ્રવૃતિમાં એકાએક વધારો થયો છે. અંકુશ રેખા પર પેટ્રોલિંગની પ્રવૃતિને વધારે તીવ્ર બનાવી દેવામાં આવી છે. આ વર્ષે આશરે ૪૦થી વદારે ત્રાસવાદીઓ કાશ્મીર ખીણમાં ઘુસણખોરી કરી ચુક્યા છે. જો કે સત્તાવારરીતે આ અહેવાલને સમર્થન આપવામાં આવી રહ્યું નથી. અંકુશ રેખા પર ફરજ બજાવનાર સેનાના જવાનો હમેંશા સાવધાન રહે છે. પરંતુ બરફથી ખીણ ઢકાઇ જાય તે પહેલા વધારે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. રાત્રી ગાળા દરમિયાન પેટ્રોલિંગની પ્રવૃતિને વધારી દેવામાં આવી છે. પ્રવકતાએ કહ્યું છે કે સેનાની ટીમ લડાયક મુડમાં છે. ત્રાસવાદીઓની તમામ યોજનાને નિષ્ફળ બનાવવા માટે તૈયાર છે.

સંરક્ષણ સુત્રોએ કહ્યું છે કે અંકુશ રેખા પર ૧૦થી ૧૨ ફુટ બરફ હોવાની સ્થિતીમાં પણ જવાનો ઓછા કરવામાં આવતા નથી. કુપવાડાના વન્ય વિસ્તારોમાં તપાસ કામગીરી હાલ ચાલી રહી છે. સંરક્ષણ મંત્રાલયના પ્રવકતા લેફ્ટી. કર્નલ એનએન જોશીએ કહ્યું છે કે વન્ય વિસ્તારોમાં ગોળીબારના અહેવાલ મળ્યા હતા જેથી તપાસ કરવામાં આવી રહી છે.

## સબસિડીવાળા સિલિન્ડરની કિંમતમાં ૩ રૂપિયાની વૃદ્ધિ

નવીદિલ્હી, તા. ૨૯

રાંધણગેસ ડિલરોના કમિશનને વધારી દેવામાં આવ્યા બાદ સબસિડીવાળા એલપીજી સિલિન્ડરની કિંમતમાં ત્રણ રૂપિયાનો વધારો થઈ ગયો છે. અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે, ૧૪.૨ કિલોગ્રામના પ્રતિ સિલિન્ડર માટે કમિશન ત્રણ રૂપિયા વધારીને ૪૩.૭૧ રૂપિયા પ્રતિ સિલિન્ડર કરી દેવામાં આવતા સબસિડીવાળા એલપીજીની કિંમત ત્રણ રૂપિયા વધી ગઈ છે. ડિલરોના કમિશન આ અગાઉ ડિસેમ્બર ૨૦૧૩માં વધારવામાં આવ્યા હતા તે વખતે ૩.૪૬ રૂપિયા પ્રતિ સિલિન્ડર વધારીને ૪૦.૭૧ રૂપિયા કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. કમિશનના નવા દર ૨૩મી ઓક્ટોબરના દિવસે લાગૂ કરી દેવામાં આવ્યા છે. દિલ્હીમાં ૧૪.૨



કિલોગ્રામવાળા ગેસ સિલિન્ડર હવે ૪૧૪ રૂપિયાના બદલે ૪૧૭ રૂપિયામાં મળશે જ્યારે મુંબઈમાં તેનો ભાવ ૪૫૨ રૂપિયા રહેશે જે અગાઉ ૪૪૮.૫૦ રૂપિયા હતો. ડિલરોના કમિશન વધી ગયા બાદ બિન સબસિડીવાળા ગેસ સિલિન્ડરના ભાવ ૮૮૦ રૂપિયાથી વધારીને ૮૮૩.૫૦ રૂપિયા થઈ ગયો છે. કમિશન વધતા દેશભરના ૧૩૮૯૬ એલપીજી ડિલરોને સીધો ફાયદો થશે. જો કે, સામાન્ય લોકોને સબસિડીવાળા ગેસ સિલિન્ડર વધુ મોંઘા પડશે. તીવ્ર મોંઘવારી વચ્ચે ગેસ સિલિન્ડરની કિંમત વધતા સામાન્ય લોકોની મુશ્કેલી વધશે. જો કે, હાલમાં પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ઘટાડો કરવામાં આવી ચુક્યો છે. આવી સ્થિતિમાં તમામ જીવન જરૂરી ચીજવસ્તુઓની કિંમત ઘટવાના સંકેત દેખાઈ રહ્યા છે. આવનાર દિવસોમાં પેટ્રોલિયમ પેદાશોને લઈને કિંમતોની ફરી ચકાસણી કરવામાં આવશે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડની કિંમત પણ ઘટી છે.

## અમૃતા ફડનવીસ પોતાની બેંકની નોકરી છોડશે નહી

મુંબઈ,તા. ૨૯

મહારાષ્ટ્રના નવા મુખ્યપ્રદાન બનવા જઈ રહેલા દેવેન્દ્ર ફડનવીસાના પત્નિ અમૃતા ફડનવીસે કહ્યું છે કે તેઓ બેંકમાં પોતાની નોકરીને જારી રાખશે. બેંકમાં નોકરી છોડી દેશે કે કેમ તે અંગે ચાલ રહેલી અટકળોનો અંત લાવતા અમૃતાએ કહ્યું હતું કે એક્સિસ બેંકમાં તેઓ પોતાની નોકરીને જારી રાખશે. જો કે તેઓ નાગપુરમાંથી તેમની બદલી મુંબઈ કરી દેવા માટે ચોક્કસપણે બેંકને અપીલ કરશે. અમૃતા એક્સિસ બેંકમાં એસોસિએટ વાઈસ પ્રસિડેન્ટ તરીકે ફરજ બજાવે છે અને તેની નાગપુરમાં પ્રિમિયમ બ્રાન્ચની હેડ તરીકે છે. અમૃતાએ કહ્યું છે કે તેમના પતિ ઈચ્છતા નથી કે તેઓ નોકરી છોડે. સાથે સાથે તેમની પોતાની પણ આવી જ ઈચ્છા છે. અમૃતાએ કહ્યું હતું કે તેઓ તેમની નોકરી છોડનાર નથી. આ જોબ અને આ હોદ્દા સુધી પહોંચવા માટે ખુબ મહેનત કરી છે. તેઓ માને છે કે દરેક મહિલાને નાણાંકીય રીતે આત્મનિર્ભર બનવા માટે પ્રયાસ કરવા જોઈએ. તેઓ હમેંશા આના માટે કટિબદ્ધ છે. તેઓ પોતે બૌદ્ધિક રીતે વિકાસ ઈચ્છે છે. તેમની એક જુદી ઓળખ પણ છે. અમૃતાએ કહ્યું હતુ કે જો તેમની મુંબઈમાં બદલી કરાશે નહી તો પણ પોતાની વર્તમાન બ્રાન્ચમાં કામ જારી રાખશે અને ફડનવીસના વિધાનસભા મતવિસ્તારમાં સતત કામ જારી રાખશે. અમૃતાના માતા પિતા નાગપુરમાં તબીબ છે.


બેંકમાં નોકરી કરતા અમૃતાના ફડનવીસ સાથે વર્ષ ૨૦૦૬માં લગ્ન થયા હતા.ફડનવીસ દંપતિની એક પાંચ વર્ષની પુત્રી છે. મહારાષ્ટ્રમાં ભાજપના પ્રમુખ હોવાના કારણે ફડનવીસ છેલ્લા કેટલાક સમયથી વ્યસ્ત હતા. સાથે સાથે પોતાના પરિવાર સાથે પણ સમય ગાળી શક્યા નથી. અમૃતાએ કહ્યું હતું કે તેઓ પહેલાથી જ માની ચુક્યા છે કે દેવેન્દ્રની લાઈફ લોકોની સેવા માટે છે. જેથી તેમની પાસે વધારે સમયની માંગ કરતા નથી.

**મોદી સરકાર આધારને ફરજિયાત કરશે**

## મોબાઈલ સીમ માટે આધાર નંબર ટુંકમાં જ જરૂરી રહેશે

નવી દિલ્હી,તા. ૨૯

કેન્દ્ર સરકાર મોબાઈલ સીમ લેવા માટે હવે આધાર નંબરને ફરજિયાત કરવાની દિશામાં આગળ વધી રહી છે. મોબાઈલના દુરુપયોગને રોકવામાં મદદ મળશે. દરમિયાન દેશમાં હજુ સુદીમાં ૭૦ કરોડ લોકોને આધાર કાર્ડ આપી દેવામાં આવ્યા છે. આદાર




વરિષ્ઠ અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે આધાર યોજનાની સમીક્ષા દરમિયાન એવુ ાલાગ્યું કે નવા અને જુના મોબાઈલ કનેક્શનની સાથે આધાર સંખ્યા ફરજિયાત કરવામાં આવે તે જરૂરી છે. આનાથી બનાવટી ગ્રાહકોને ઓળખી કાઢવા અને અપરાધમાં પ્રોજેક્ટની સમીક્ષા દરમિયાન સરકારના ટોપ નેતાઓએ કહ્યું હતું કે આધાર નંબરને નવા અને જુના મોબાઈલ કનેક્સનની સાથે જોડી દેવાની બાબત બિલકુલ યોગ્ય રહેશે. દેશની મોટી સંખ્યામાં લોકોની પાસે હજુ આધાર નથી. જેથી સરકાર સીમ કાર્ડોને આધાર સાથે જોડવાની કામગીરી પર ધીમી ગતિએ આગળ વધી રહી છે. આ અગાઉ યુપીએ સરકારના ગાળા દરમિયાન આધાર લિકન્ડ બેંક એકાઉન્ટને કુકિંગ ગેસ સબસિડી લેવા માટે ફરજિયાત બનાવવાની યોજના અદ્ધરતાલ રહી ગઈ હતી. સુપ્રીમ કોર્ટના વચગાળાના આદેશ બાદ આ પ્રોજેક્ટને લાગુ કરવામાં ભારે મુશ્કેલી નડી હતી.

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે સરકાર કોઈ નાગરિકને માત્ર આ કારણસર કોઈ રાહત આપવાનો ઈન્કાર કરી શકે નહી કે તેની પાસે આદાર નંબર નથી. યુનિક આઈડેન્ટીટીફિકેશન ઓફ ઈન્ડિયા દ્વારા દેશમાં રહેતા ૭૦ કરોડ લોકોને યુનિક આઈડી નંબર આપ્યા છે. ડિસેમ્બર સુધી ૧૦૦ કરોડ લોકોને આધાર નંબર આપવાની યોજના રહેલી છે.

**૩૧મી માટે કાર્યક્રમો તૈયાર કરાયા**

## પટેલની જયંતિ રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે હશે

નવી દિલ્હી,તા. ૨૯

૩૧મી ઓક્ટોબરને હજુ સુધી દર વર્ષે પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની પુણ્યતિથિ તરીકે મનાવવામાં આવે છે પરંતુ હવે કેન્દ્ર સરકાર આ દિનને દેશના પ્રથમ ગૃહપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલની જયંતિ રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે મનાવશે. દૂરદર્શને આના માટે કાર્યક્રમોની સીરીઝની યોજના બનાવી લીધી છે જેમાં પટેલના ગુજરાત સ્થિત એક ગામ કરમસદમાં આયોજિત કાર્યક્રમને કવર કરવાની બાબતનો સમાવેશ થાય છે. આના માટે દૂરદર્શનની તંત્રીઓની એક ટીમ કરમસદ મોકલી દેવામાં આવી છે. લોખંડી પુરુષ તરીકે સરદાર વલ્લભભાઈ પટેલને ગણવામાં આવે છે. સરદાર પટેલના જીવન ઉપર અડધા કલાકની દસ્તાવેજી ફિલ્મ પણ દર્શાવવામાં આવનાર છે. દૂરદર્શનના મહાનિર્દેશક અર્ચના દત્તનું કહેવું છે કે, દસ્તાવેજી ફિલ્મમાં સ્વતંત્રતા સંગ્રામમાં પટેલના યોગદાન અને સ્વતંત્રતા બાદ તેમની કામગીરી ઉપર પ્રકાશ ફેંકવામાં આવશે. આના માટે વિશેષ ફોટાઓ પણ તૈયાર કરવામાં આવ્યા છે.

## તાજમહેલમાં પ્રવાસી સંખ્યા પર મર્યાદા મુકવાની તૈયારી

આગરા,તા. ૨૯

દિવાળીના પર્વ દરમિયાન ઐતિહાસિક સ્મારક તાજમહેલને જોવા માટે ૧.૫ લાખ પ્રવાસી પહોંચી ગયા હતા. આર્કર્યોલોજીકલ સર્વેઓફ ઈન્ડિયાના ટોચના અધિકારીઓએ કહ્યું છે કે, દિવસમાં ૨૪ હજાર પ્રવાસીઓની સંખ્યાને મર્યાદીત કરવાના પ્રયાસ ચાલી રહ્યા છે. ઉપરાંત ટીકીટ ધારકોને પણ પ્રાંગણની અંદર માત્ર બે કલાક રહેવાની મંજુરી આપવામાં આવશે. હાલમાં દિવસભર રોકાઈ શકાય છે. ૧૭મી સદીના ઐતિહાસિક સ્મારકને વધુ સમય સુધી જાળવી શકાય અને કોઈપણ અનિચ્છનિય બનાવ ન બને તે માટે આ પગલા લેવાઈ રહ્યા છે. વર્લ્ડ હેરીટેજ સાઈટ તરીકે રહેલા તાજમહેલ ખાતે પ્રવાસીઓનો ધસારો વધી રહ્યો છે. જે એએસઆઈ અને અન્ય સંબંધિત વિભાગો માટે ચિંતાજનક બાબત બની રહી છે. ઉપરાંત બે કલાકની સમય મર્યાદા હવે મુકવામાં આવશે. તાજમહેલના ખુલવાના સમયના ૮ કલાક દરમિયાન પ્રતિ કલાક ૩ હજાર પ્રવાસીઓને મંજુરી આપવામાં આવશે અને બે કલાકની સમય મર્યાદા નક્કી કરાશે. બિનજરૂરી ધસારો ન થાય તેવા પ્રયાસ કરાશે. પ્રવાસીઓની સંખ્યા મર્યાદીત કરવા માટે નક્ક કારણો છે. કારણકે, નેશનલ એન્વાયરમેન્ટલ એન્જિનિયરિંગ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ દ્વારા એક અહેવાલ સુપ્રત કરાયો છે જેમાં ઘણી બધી બાબતોનો ઉલ્લેખ કરાયો છે. ૩૬૦ વર્ષ જુના માર્બલના સ્મારકને લઈને હંમેશા સરકાર ગંભીર રહી છે. અહેવાલ ૩થી ૪ મહિનાની અંદર રજુ કરી દેવામાં આવશે. જાણકાર નિષ્ણાંતોનું કહેવું છે કે સુપ્રીમ કોર્ટે આ મામલામાં દરમિયાનગીરી કરવી જોઈએ અને પ્રવાસીઓની સંખ્યા નક્કી કરી લેવી જોઈએ.

## ૧૨મી નવેમ્બરે દેશના બેંક કર્મી હડતાલ ઉપર

નવી દિલ્હી,તા. ૨૯

દેશભરમાં બેંકીંગ અને એટીએમ સેવા ૧૨મી નવેમ્બરના દિવસે ખોરવાઈ શકે છે. કારણકે, જુદા જુદા કર્મચારી સંગઠનોના મંચ યુનાઈટેડ ફોરમ ઓફ બેંક્સ યુનિયનના પગાર સુધારાની માંગને લઈને ૧૨મી નવેમ્બરના દિવસે હડતાલ પર જવાની તૈયારીમાં છે. ઓલ ઈન્ડિયા બેંક એમ્પ્લોઈસ યુનિયનના મહાસચિવ સી વેંકેટચલમે કહ્યું છે કે, પાંચ વર્કમેન અને ૪ અધિકારી સંગઠનોના પ્રતિનિધિત્વ કરનાર યુનિયનો બેંક કર્મચારીઓના પગાર સુધારાના મુદ્દે વિવાદને તાત્કાલિક ઉકેલી લેવાની માંગણી છે. જો માંગનો ઉકેલ નહીં આવે તો હડતાલ પાડવામાં આવશે. ૧૨મી નવેમ્બરના દિવસે એક દિવસ માટે પ્રતિક હડતાલ પાડવામાં આવશે. ત્યારબાદ બીજી ડિસેમ્બરના દિવસે ઝોન વાઈજ હડતાલ પાડવામાં આવશે. સરકાર પર દબાણ વધારવાના હેતુસર તૈયારી કરી લેવાઈ છે. જુદા-જુદા બેંક કર્મચારીઓ તેમની માંગણીને લઈને મક્કમ દેખાઈ રહ્યા છે. આવી સ્થિતિમાં હડતાલથી માત્ર બેંકીંગ સેવા જ નહીં બલ્કે એટીએમ સેવાને પણ અસર થાય તેવી શક્યતા છે.